જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**     **સમાચાર યાદી નં.૧૬૯૪/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન :**

લૂંટનો ગુનો દાખલ થયાના ૨૪ કલાકમાં જ લૂંટ કરનાર રીઢા ગુનેગારોને પકડી પાડતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી લૂંટના ગુના અટકાવવા તેમજ બનેલ ગુના શોધવા સારૂ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જે" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અન્વયે સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા સાથે સર્વેલન્સ સ્કોડના અપોકો ફીરોજશા મરદાનશા નાઓની બાતમી હકીકત આધારે અત્રેના પો.સ્ટેના ફ.ગુ.ર.નં ૫૩/૧૭ ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ ના કામના આરોપીઓ (૧) રાહુલ ઉર્ફે ગાંડીયો રામનિવાસ ભદોરીયા ઉ.વ ૨૧ રહે- વિજય મીલ ફુટ માર્કેટમાં નરોડા રોડ, શહેર કોટડા,અમદાવાદ શહેર મૂળવતન-ખિલ્લીબાલકી ઘઢી તા:બહા જી:આગ્રા યુ.પી (૨) ધરમપાલ રમેશભાઈ નિશાદરાજ (કેવટ) ઉ.વ ૨૯ રહે- મ.નં ૧૦૫ ભગવતીનગર,પ્રેમનગર,મેમ્કો ,સેજપુર બોઘા અમદાવાદ શહેર મુળવતન- ગામ-કૌરા તા:જી:ફતેપુર સીક્રી યુ.પી (૩) રામુસિંગ ઉર્ફે રામુ સ્વયંવરસિંગ તોમર ઉ.વ ૨૧ રહે- ઉદયભાન તોમરના મકાનમાં પ્રેમનગર,મેમ્કો ,સેજપુર બોઘા,અમદાવાદ શહેર મુળવતન- ગામ-રુઅર તા:પોરસા જી:મુરેના એમ.પી નાઓને આજરોજ તા:૨૨/૦૮/૧૭ ના ક:૧૮/૧૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.અને તેઓની પાસેથી લૂંટમાં ગયેલ ઓપો કંપનીનો મોબાઈલ ફોન તથા ગુનાના કામે વાપરેલ ઓટોરીક્ષા નં જીજે-૦૧-એ.ઝેડ-૨૯૩૮ ની કબ્જે કરવામાં આવેલ છે.

(૧) આરોપી નં ૧ ની વિરુધ્ધમાં નરોડા પો.સ્ટે,કૃષ્ણનગર પો.સ્ટે,રખિયાલ પો.સ્ટે,મેઘાણીનગર પો.સ્ટે ચોરીના ગુના નોંધાયેલ છે. તેમજ તેને ઉપરોક્ત ગુનામાં પાસા થયેલ છે.

(૨) આરોપી નં ૨ ની વિરુધ્ધમાં શહેર કોટડા પો.સ્ટે ખાતે ચોરીનો ગુનો નોંધાયેલ છે.



**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.